G

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૯–૭– ૨૦૧૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# લેડિઝવિંગ ધ્વારા યોજાયેલા બિઝનેસ મેલાને સુંદર પ્રતિસાદ

સુરતઃધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડિઝવિંગના ઉપક્રમે મહિલા સાહસિકોને પ્રોત્સાહિત કરવાના આશયથી 'બિઝનેસ મેલા' નામક મીની એકિઝબિશનનું આયોજન સમૃધ્ધિ,નાનપુરા સુરતમાં કરવામાં આવ્યું હતુ.

ચેમ્બરની લેડિઝવિંગ ધ્વારા પ્રતિવર્ષ યોજાતા એકિઝબિશન વી માં ભાગ લઈ શકે તેવી મહિલા સાહસિકોને આ આયોજનથી ઘણું પ્રોત્સાહન મળ્યું હતું.આ મેલામાં કુલ ૪૧ પાર્ટીસિપન્ટસ જોડાયા હતા અને તેમને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો.

'બિઝનેસ મેલા'ના ઉદઘાટક તરીકે સાવિ કલેકશન્સના સંચાલિકા શ્રીમતી સાવિત્રી વૈદ્ય ઉપસ્થિત રહયા હતા.તેમણે નાના પાયા પર શરૂઆત કરીને બિઝનેસ વધાર્યો હતો એટલે નવી મહિલા સાહસિકોને પણ પ્રેરણા મળી હતી.

લેડિઝવિંગ ચેરપર્સન ડો.બંદના ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે બિઝનેસ મેલાના આયોજનને ધાર્યા કરતા વધુ સફળતા મળી હતી.